# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/ક્વા-૧/૨૦૧૯-૨૦/૪૫૩૫-૮** **તા.૦૫-૦૭-૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૦/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: **રાબીયાબેન સુલેમાન બુમડયા** ગામ: **માંગરોળ**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ફારુક સુલેમાન બુમડયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **માંગરોળ**

રજૂઆત કરનાર: **કે. ડી. નીનામા** કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી – **માંગરોળ**

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૨૮-૦૬-૨૦૧૯ ( શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮-૦૬-૨૦૧૯ ( શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રાબીયાબેન સુલેમાન બુમડયા ગામ-માંગરોળ_તેઓની અરજી ના નોંધણી નંબર : ૪૦ / ક્વા–૦૧/ ૧૯–૨૦ મા જણાવે છે કે, તેઓ ખેતીની જમીન માંગરોળ તાલુકાના માનખેતરાની સીમના સર્વે નંબર: ૧૭૭ પૈકી ૨ માં – ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ. જેના અનુસંધાને પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય માંગરોળ દ્વારા ડાર્કઝોન સ્કીમ હેઠળ મંજુર કરેલ– જેના ભાવપત્રક ની રકમ તા.૧૬–૦૧–૧૯ ના રોજ ભરપાઈ કરેલ. સદર વીજજોડાણ ચાલુ કરવા માટે – વારંવાર મૌખિક રજુઆત કરવા છતા – જણાવેલ કે – બાજુમા આવેલ ખેડુત દ્વારા વાંધો દર્શાવેલ છે. જે વાંધો લેનાર ખેડુત – પીજીવીસીએલ ના અધિકારીઓ સાથે વગ ધરાવતા હોવાથી – વીજલાઈન નુ કાર્ય કરાયેલ નથી. ત્યારબાદ, અરજદારશ્રી એ રીસર્વે કરાવી બાજુમાં બીજી લાઈન નુ ટ્રાન્સફોર્મર ૧૫૦ ફુટ દુર છે, જેમાથી કેબલ દ્વારા વીજજોડાણ આપવા રજુઆત કરેલ. જે પીજીવીસીએલ ના અધિકારીઓએ ઈન્કાર કરેલ છે. લાઈનકામ કરવા માટે કોઈ વ્યક્તિ વાંધો દર્શાવે તો – ઈન્ડીયન ટેલીગ્રાફ એકટ ૧૮૮૫ – ૧૬(૧) મુજબ – વાંધા પતાવટ માટે – સબ જીલ્લા મેજીસ્ટ્રેટ પાસે પરવાનગી મેળવવા માટે ની કાર્યવાહી કરવાની થાય છે. જે પીજીવીસીએલ દ્વારા ફરજ પ્રત્યે બેદરકારી દાખવી રહયા છે. આમ, અરજદારે તેઓનુ ખેતીવાડી વીજજોડાણ સત્વરે ચાલુ થાય – તે માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે —પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રીમતિ રાબિયાબેન સુલેમાન બુમડીયા મુ. માનખેત્રા તા. માંગરોળ, પેટા વીભાગીય કચેરી માંગરોળ ગ્રામ્ય મુકામે ૭.૫ હો.પા નવા ખેતીવાડી વિજ જોડાણ અંગેની માંગણી કરેલ. જે અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા અંદાજપત્ર તા.: ૧૯-૧૨-૨૦૧૮ થી અરજદાર ને પાઠવવામા આવેલ. જે અરજદાર દ્વારા તા. : ૧૬-૦૧-૨૦૧૯ થી ભાવપત્રક ની રકમ ભરપાઈ કરાયેલ છે. તેમજ સદર વીજજોડાણ અન્વયે કરારનામુ તા.: ૧૧-૦૨-૨૦૧૯ થી કરાયેલ હતુ.

૩.૧ પીજીવીસીએલ દ્વારા કંપનીના નિયમાનુસાર લાઈન કામના કોન્ટ્રાકટશ્રીને લાઈન કામગીરી સોપવામાં આવેલ જેના અનુસંધાને ૧૧ કે.વી. નવી લાઈન કરવાની કામગીરી ચાલુ કરતાની સાથે, જે સ્થળ પર લાઈન કામગીરી કરવાની થતી હતી ત્યાના સ્થાનિક ખેડુત શ્રી ધીરુભાઈ લખમણભાઈ કોડીયાતર દ્વારા મૌખિક તેમજ લેખિત મા વાંધા અરજી આપી કામની અટકાયત કરેલ ત્યારબાદ જે-તે સમયે સ્થળ પર અત્રેની કચેરીના દ્વારા સમજાવટ રૂપી પ્રયત્ન કરવા છતાં આ કામગીરી કરવા દીધેલ ન હતી. ત્યારબાદ અરજદાર દ્વારા રી-સર્વે ની અરજી તારીખ-૨૮.૦૧.૨૦૧૯નાં રોજ એલ.ટી. લાઈન માંથી વિજ જોડાણ આપવા બાબતે કરવામાં આવેલ. આથી, અત્રેની કચેરીના અધિકારી દ્વારા તારીખ ૧૪.૦૨.૨૦૧૯નાં રોજ અન્ય લાઈનનાં વિકલ્પ સબબ સ્થળ પર મુલાકાત લેવામાં આવેલ અને સ્થળ પરનું રોજકામ પણ અરજદારનાં પ્રતિનિધિઓની રૂબરૂમાં કરવામાં આવેલ. તેમજ અરજદારશ્રીને માંગરોળ ગ્રામ્ય પે.વી.કચેરી દ્વારા પત્ર નં.-૧૨૩૬ તારીખ-૦૨.૦૪.૨૦૧૯ થી સ્થળ પર લેવામાં આવેલ વાંધો દુર કરવા અંગે જાણ પણ કરવામાં આવેલ.

૩.૨ ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ સદર વીજજોડાણની લાઈન ઉભી કરી શકાય તે હેતુ થી સદર કેશ ને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ની કચેરી જુનાગઢ ખાતે તેમની મંજૂરી અર્થે તા-૧૨/૦૬/૨૦૧૯ નાં રોજ માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા તબદીલ કરેલ છે. સદર કેશમાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા હુકમ થયે જરુરી લાઈનકામ ની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને લાઈન કામ પૂર્ણ થયે વિજ જોડાણ ચાલુ કરી આપવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોકત મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે –સામેવાળા દ્વારા – મુદદા નં.૩.૨ મુજબ ની વિગતે – સદર કેઈસ – જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ હાલ પેન્ડીંગ છે. જેથી, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે ફરીયાદી અને પરવાનેદાર ને વચ્ચેની બાબતને લગતી કાર્યવાહી મેજીસ્ટ્રેટ સમક્ષ પડતર રહેલા કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય, આ બાબતે – અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |